### નિષ્ઠા, મહેનત અને મેનેજમેન્ટ કોને કહેવાય તે અમરેલી જિલ્લાના પીઢ સહકારી આગેવાન શ્રી રમણીકભાઈ સોજીત્રાએ બતાવી આપ્યું

# અમરેલી જિલ્લામાં અનોખુ સ્થાન ધરાવતું ધારી માર્કેટ યાર્ડ

**એક માસથી ધારી યાર્ડનું સુકાન શ્રી રમણીકભાઈ સોજીત્રાએ સંભાળ્યું અને યાર્ડની પ્રગતિ શરૂ થઇ**

**ખેડૂતનો માલ સીધો વેપારીને વેચાય છે જેથી ખેડૂતને ઉંચો ભાવ મળે છે અને વેપારીને કમિશન બચે છે**

**રાજકોટ અને ગોંડલના યાર્ડ જેવા મળતા ભાવોના કારણે ધારી તાલુકાના ખેડૂતો ખૂબ ખુશખુશાલ છે**

**ચેરમેન શ્રી રમણીકભાઈ સોજીત્રા યાર્ડના કામ માટે બહાર જતા હોય તેના કોઇ ભાડા ભથ્થા નથી લેતા**






## એક મહીના પહેલા માર્કેટ યાર્ડમાં કર્મચારીઓના ૧૮ મહિનાથી પગાર થયા ન હતા તેને બદલે આ વખતે એક જ મહિનાના વહીવટમાં કર્મચારીઓને બોનસ અપાયું

અમરેલી, (ડેસ્કરિપોર્ટર)

નિષ્ઠા અને મેનેજમેન્ટ કોને કહેવાય તે ધારી માર્કેટ યાર્ડમાં અમરેલી જિલ્લાના પીઢ સહકારી આગેવાન શ્રી રમણીકભાઈ સોજીત્રાએ બતાવી આપ્યું છે અને ધારી માર્કેટયાર્ડ અમરેલી જિલ્લામાં સૌથી અનોખા માર્કેટ યાર્ડ તરીકે ઉભરી આવ્યું છે તેનું કારણ છે કે અહીં વેપારી પાસેથી કમિશન નથી લેવાતું અને ખેડૂતને બપોર સુધીમાં માલ વેચાઈ જાય છે અને રૂપિયા પણ મળી જાય છે અને તે પણ રાજકોટને ગોંડલ જેવા યાર્ડના ભાવ જેના કારણે ધારી તાલુકાના ખેડૂતો ખુશખુશાલ છે.

છેલ્લા એક મહિનાથી એ ધારી માર્કેટ યાર્ડનું સુકાન જિલ્લાના પીઢ સહકારી આગેવાન શ્રી રમણીકભાઈ સોજીત્રાએ સંભાળ્યું છે.

આ અંગે અવધ ટાઈમ્સને વિગતો આપતા ધારી યાર્ડના ચેરેમન શ્રી રમણીકભાઈ સોજીત્રાએ જણાવેલ કે, ધારી માર્કેટ યાર્ડના ઉપપ્રમુખ શ્રી હર્ષદભાઈ રાવળ અને ખંભે ખંભા મિલાવી અને યાર્ડમાં સાથ આપી રહેલા સેક્રેટરી શ્રી અલ્પેશભાઈ શિંગાળાની ટીમની મહેનત ટુંકા સમયમાં ઉગી નીકળી છે.

ધારી માર્કેટ યાર્ડના કર્મચારીઓ શ્રી પ્રશાંતભાઈ કોટડીયા શ્રી હાર્દિકભાઈ દેસાઈ શ્રી સંજયભાઈ મોડા દ્વારા હરરાજી, તોલ સહિતની તમામ કામગીરી જાતે કરવામાં આવે છે હરરાજી પણ કર્મચારીઓ પોતે જ કરે છે અને તેમાં વેપારી પાસેથી કમિશન લેવામાં આવતું નથી ખેડૂતનો માલ સીધો વેપારીને વેચાય છે જેના કારણે ખેડૂતને પૂરો ભાવ મળે છે અને વેપારીને પણ કમિશન બચે છે.

ખેડૂત સવારના માલ લઈને આવે કર્મચારીઓ મારફતે તોલ થાય વે-બ્રિજ પણ યાદની અંદર જ છે તોલ થયા બાદ બીલ બને બિલ બન્યા બાદ ઓફિસમાંથી જ ખેડૂતોને સીધું પેમેન્ટ મળી જાય સવારે ૮:૦૦ વાગે આવેલ ખેડૂત બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ વાગ્યા સુધીમાં માલ વેચી પૈસા લઈ પરંતુ જઈ શકે છે આ ઉપરાંત માર્કેટ યાર્ડ દ્વારા ખેડૂતો માટે એક વિશેષ સુવિધા ઉભી કરાઇ છે માત્ર ૫૦ રૂપિયામાં માર્કેટ યાર્ડ દ્વારા ખેડૂતને ભરપેટ જમાડવામાં આવે છે સાંજે ચાર વાગ્યા સુધી યાડની કામગીરી ચાલુ હોય છે અહીંની વિશેષતા એ છે કે સિધી હરાજી અને સીધી ખરીદીને કારણે ખેડૂતોને પોષણક્ષમ ભાવ મળે છે.

શ્રી રમણીકભાઈ સોજીત્રા કહે છે કે, રાજકોટ અને ગોંડલ જેવા ભાવ મળતા હોવાને કારણે ખેડૂતોને ગોંડલ કે રાજકોટ જવાની જરૂર રહેતી નથી અહીં નોંધપાત્ર બાબત એ પણ છે કે માર્કેટ યાર્ડના ચેરમેન શ્રી રમણીકભાઈ સોજીત્રા દ્વારા માર્કેટ યાર્ડના કામ માટે કોઈ ભાડા કે ભથા નથી લેવાતા તે સ્વખર્ચે જ કામ માટે જાય છે

શ્રી રમણીકભાઈ સોજીત્રાએ એક મહિનાથી જ માર્કેટ યાર્ડનું શુ કામ સંભાળ્યું છે તેમણે જ્યારે માર્કેટ યાર્ડનું સુકાન સંભાળ્યું ત્યારે માર્કેટ યાર્ડની હાલત સારી ન હતી કર્મચારીઓના ૧૮ મહિનાથી પગાર થયા ના હતા. તેને બદલે આ વખતે એક જ મહિનાના વહીવટમાં કર્મચારીઓને બોનસ અપાયું છે અહીં રોજનો ૨૦ થી ૨૫ લાખનો માલ વેચવામાં આવે છે


**અમરેલીમાં મકાન - દુકાન વેચવાના છે**
૨ દુકાન + ૫ રૂમ વાળુ મકાન રોડ ટચ મકાન, ડબલ સંડાસ બાથરૂમની સુવિધા, ફોરવ્હીલ પાર્કિંગ ની સુવિધા ધરાવતુ રોડ ટચ મકાન + દુકાન વેચવાના છે
એડ્રેસ:- ચક્કરગઢ રોડ, બી.કે.ટાંકના ડેલા પાસે, કુંભારવાડા
સંપર્ક : સલીમભાઇ રૂપાણી મો.૯૭૩૭૩ ૨૨૫૫૧
બાબુભાઇ કાનજીભાઇ રૂપાણી

**એકાઉન્ટન્ટ જોઇએ છે**
અમરેલી સ્થિત એક ખાનગી પેઢીને ફુલટાઇમ માટે એકાઉન્ટન્ટ જોઇએ છે
માત્ર જેન્ટ્સે સંપર્ક કરવો, કોમ્પ્યુટર તેમજ એકાઉન્ટનો અનુભવ જરૂરી
લાયકાત પ્રમાણે પગાર ધોરણ
રસ ધરાવતા વ્યક્તિએ રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક : ભાવનગર હાઇવે, રીલાયન્સ પેટ્રોલ પંપ સામે, વસુંધરા પાર્ક
સંપર્ક : મો.૯૪૨૮૭ ૯૫૦૫૬

**લોન...લોન...લોન...**
અમરેલી જિલ્લાના દરેક તાલુકામાં
મુદ્રા લોન, સબસીડીવાળી લોન, ખેતીવાડીની લોન, મોર્ગેજ લોન, હોમ લોન, દરેક પ્રકારની લોન મળશે
મહિલાની ૧૦ ગૃપની લોન કરી આપીશુ
સંપર્ક : મો.૭૬૨૨૯ ૧૫૯૯૫

**બાબરામાં દુકાન વેચવાની છે**
દુકાન નં.૧૯ - પુનમ શોપીંગ સેન્ટર, કલાલ ચોક, નાના બસ સ્ટેન્ડ પાસે, ૧૭.૭ ફુટ X ૭.૭ ફુટની અતિ મોકાની દુકાન બાબરામાં વેચવાની છે
સંપર્ક : મો.૯૮૨૫૭ ૪૪૮૪૬

**ઉધઈ ન થવાની ૧૦ વર્ષની ગેરેંટી**
પેસ્ટ કંટ્રોલર
ઉધઈ થી બચો
આપના મકાન, ફર્નિચર, ટેનામેન્ટ, ઓફિસ તથા મકાનનું બાંધકામ કરતી વખતે ઉધઈની ટ્રીટમેન્ટ કરવા માટે સંપર્ક કરો ઉધઈ ન થવાની ટ્રીટમેન્ટ ઈન્જેક્શન દ્વારા કામકરી આપશુ ગેરેંટી માટે બીલ બનાવી આપવામાં આવશે.
મયુર મકવાણા : ૬૩૫૩૮ ૬૨૫૮૩

**અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન**
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

**સ્પેશિયલ મંદિર માટે...**
મોર ના અવાજ વાળી સાઉન્ડ સિસ્ટમ
ખરીદતા પહેલા અમારી એકવાર અવશ્ય મુલાકાત લેશો...
તેમજ
જાલરની સાઉન્ડ સિસ્ટમ તેમજ મંત્ર કીટ માટે...
સ્વામી ઈલેકટ્રોનિક
પરમાનંદ માર્કેટ, પંજાબ નેશનલ બેન્કની બાજુમાં, ટાવર રોડ. મો. ૯૮૯૮૨ ૪૮૭૮૯

**FASTag**
Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

મારૂતી બ્રેઝા (૪ સીટર)
મારૂતી સ્વીફ્ટ (૪ સીટર)
મારૂતી અર્ટીગા (૭ સીટર)
A/C તથા NON A/C
ભાડે મેળવવા માટે મળો
**શ્યામ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ**
બ્રિજેશભાઇ મો.૬૩૫૩૫ ૭૧૧૨૮
જયદીપભાઇ મો.૯૧૦૬૬ ૩૭૭૭૪

**રૂદ્ર એન્ટરપ્રાઇઝ**
ગેરેન્ટેડ લેડીઝ ઇમીટેશન જવેલરીમાં દિપાવલી ધમાકા ઓફર
માત્ર રૂા.૧૫૦૦ ની ખરીદી પર ૧૦% તથા રૂા.૨૫૦૦ ની ખરીદી પર ૨૦% વળતર મેળવો
આ ઓફર માત્ર મર્યાદિત સમય માટે જ
કિચનવેર તથા પ્લાસ્ટીકવેરની વેરાયટીઓ મળશે
સ્થળ : દુકાન નં.૭૩, સરદાર શોપીંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી મો.૬૩૫૪૩ ૫૩૬૫૦

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
BAJAJ
''માઇલેજનો મહારથી''
ટુ વ્હીલર
CT 110 | Platina 100
સર્વશ્રેષ્ઠ માઇલેજ | 85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
**વૃંદા ઓટો (બજાજ)**
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો.૭૩૮૩૧ ૩૯૩૩૩

દુનિયાનો સૌથી સસ્તો 4G ફોન
JioBharat 4G digital life
Jio
હવે મેળવો જીયો ભારત ફોન
₹999 Only
માત્ર Rs.999/- માં
: લીમીટેડ સ્ટોક :
૧ મહિના માટે...
Rs.999 + 123 = Rs. 1122/-
૧ વર્ષ માટે...
Rs.999 + 1234 = Rs. 2233/-
Vi, Idea, Airtel, BSNL નંબરને જીયો ફોનમાં ચાલુ કરી આપીશું.
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો... | ઓથો Jio ડિસ્ટ્રીબ્યુટર્સ
**તેજસ ટેલીકોમ** લક્ષ્મીનારાયણ મંદીરની બાજુમાં, અવધ ડેરીફાર્મ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૭૧૪૦ ૪૦૯૪૦
બ્રાન્ચ **તેજસ ટેલીકોમ** કહાનકુંજ પાસે, સરદાર ચોક, અમરેલી.

॥ માતૃકૃપા ॥
પંજાબી
ચાઇનીઝ
ગુજરાતી
કાઠીયાવાડી
દાલ - બાટી બુધ - ગુરૂ
દરરોજ બપોરે ગુજરાતી થાળી ફક્ત રૂા.૯૯/- માં
દરરોજ રાત્રે કાઠીયાવાડી થાળી ફક્ત રૂા.૯૯/- માં મળશે
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે - પાર્સલ સુવિધા ઉપલબ્ધ
**ગણેશ ફેમેલી રેસ્ટોરન્ટ**
ધ્રુવભાઇ મો.૯૪૨૯૮ ૮૯૯૮૫ - વિરાજભાઇ મો.૯૪૨૮૮ ૬૬૧૨૬
એરિકભાઇ મો.૯૮૨૫૪ ૯૭૫૪૭
કેરીયા રોડ, બાયપાસ, કોન સર્કલ પાસે, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
આ દિવાળીએ આપના સ્વજનોને આપો શ્રવણયંત્રની અમુલ્ય ભેટ
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
કાયમી સરનામું
**અવતાર**
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, જયુબીલી ધર્મશાળા પાસે, હોટલ એન્જલ નજીક, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
**કલાપી બેન્કવેટ**
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક' લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ' ખાતે
• લગ્ન માટે સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંકશન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૧૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

અમરેલી બ્રાન્ચ ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
અક્ષય પટેલ મો.૯૦૯૯૦ ૪૧૦૦૮
www.shyamcaterers.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીશેપ્સન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
SHYAM® Caterers
**શ્યામ કેટરર્સ**
The King of catering service
હેડ ઓફીસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફીસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

આપના આંગણે આવતા શુભ પ્રસંગો માટે સુવર્ણ અલંકારો ખરીદવા માટેનું સર્વશ્રેષ્ઠ...
કલકતી, એન્ટીક, રોઝ ગોલ્ડ, જડતર, તથા લાઇટ વેઇટ ડાયમંડ જ્વેલરી...
સોના-ચાંદીના દાગીના તથા ૧ ગ્રામ ફોર્મીંગ જ્વેલરીની વિશાળ રેન્જ મેળવવા માટે અમારા નવ નિર્માણ શો-રૂમની અવશ્ય મુલાકાત લો...
વર્ષોથી વિશ્વાસની પરંપરા સાથે...
**એમ. વિઠલદાસ જ્વેલર્સ**
(શેડુભારવાળા)
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી. ફોનઃ (૦૨૭૯૨) ૨૨૨૬૩૫
મો. ૯૯૦૯૩ ૯૬૬૦૦, ૯૯૯૮૫ ૧૪૩૦૧.

essilor | fastrack | Ray-Ban | ZEISS | Kodak CLARITY
ઠંડા ગોગલ્સ | પુમા | સનગ્લાસ | કાર્ટીયર | ટેગ ઓવર
દરેક બ્રાન્ડેડ કંપનીના ચશ્મા તેમજ કોન્ટેક લેન્સ બનાવનાર અરજન્ટ ચશ્મા બનાવનાર
ડો. સાહેબની સલાહ મુજબના નંબરવાળા ચશ્મા બનાવનાર
**સમીર ચશ્મા ઘર**
મોટા બસ સ્ટેન્ડ સામે, પેટ્રોલ પંપની સામેની ગલીમાં, એઇમ્સ હોસ્પિટલ (જીવનધારા) પાસે, અમરેલી
ડ્રાઇવીંગ લાઇસન્સ તથા દરેક આઇકાર્ડ, યુનિકકાર્ડ, ચુંટણીકાર્ડ, ડુપ્લીકેટ બનાવનાર
મો.૯૪૨૮૭ ૦૭૪૧૭, ૭૩૮૩૪ ૫૧૯૭૧

### ગીરગાય સંવર્ધન માટેનાં સેન્ટર ઓફ એક્સેલન્સની પ્રથમ સિધ્ધિ

# અમર ડેરીનાં ગીર ગાય સેન્ટરમાં એમ્બ્રિયો ટેક્નોલોજીથી સૌપ્રથમ વાછરડીનો જન્મ થયો

## વાઘ બારસનાં શુકનવંતા દિવસે વાછરડીનાં જન્મને વધાવી ખુશી વ્યક્ત કરી



અમરેલી,

અમરેલીમાં અમર ડેરીના ગીર ગાય સંવર્ધન માટેના સેન્ટર ઓફ એક્સલન્સ ને પ્રથમ સિદ્ધિ મળી છે.

અમર ડેરી દ્વારા ગીર ગાયના સંવર્ધન માટે ઈ.ટી/આઈ.વી.એફ લેબોરેટરી અને 'સેન્ટર ઓફ એક્સેલન્સ' પ્રોજેકટ અંતર્ગત અંડબીજ કલેકશન અને એબ્રિઓ બનાવવા માટે નીખાસ મોબાઈલવેન તા. ૩૧-૧૨-૨૦૨૨ રોજ તપોવન આશ્રમના શિલાન્યાસ પ્રસંગે લોકસંત શ્રી મોરારીબાપુના હસ્તે અને કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા, ઈફ્કો અને એન.સી.યુ.આઈ.નાં ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતીમાં આ મોબાઈલ વાન ખુલ્લી મુકવામાં આવી હતી.

તા. ૨૬-૧-૨૦૨૩ ના રોજ પ્રતાપપરા અને અમરેલી ડો. અર્પણ જાની ના ગીર ગાય ફાર્મ પર ગુજરાત વિધાન સભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરિયાની ઉપસ્થિતીમાં અંડબીજ કલેકશન કરી, શોર્ટેડ સેકસડ સિમેન દ્વારા અમર ડેરી ખાતે ડો. શ્યામ ઝાંવર (નેશનલ મેન્ટોર)નાં માર્ગદર્શન હેઠળ મોબાઈલ વાનમાં ભ્રૂણ (એબ્રિઓ) બનાવી ને તા. ૩-૨-૨૦૨૩ ના રોજ ગીર ગાયમાં ભ્રૂણ પ્રત્યારોપણ કરી આજ રોજ તા. ૯-૧૧-૨૦૨૩ વસુબારસના પવિત્ર દિવસે વાછરડી (બચ્ચા)નો જન્મ થયો.

આ તકે સંઘના ચેરમેન શ્રી અશ્વિન સાવલીયા જણાવેલ કે આવતા દિવસોમાં આ ટેકનોલોજી દ્વારા ૨૦થી ૩૦ લીટર પ્રતિદિન દૂધ આપતી ગીર ગાય મેળવી શકાશે જેથી 'ઓછા ખર્ચે વધારે દૂધ ઉત્પાદન' મેળવી 'સહકાર થી સમૃધ્ધિ' નુ સુત્ર ખરા અર્થમાં સાબિત થશે. આવનાર દિવસોમાં આ ટેકનોલોજી દ્વારા આપણી વિશ્વ વિખ્યાત ગીર ગાયોનુ સંવર્ધન અમર ડેરી અમરેલી ખાતેના 'સેન્ટર ઓફ એકસેલન્સ' ના માધ્યમથી કરવામાં આવશે. તેવુ અમર ડેરીના એમ.ડી ડો.આર.એસ.પટેલની અખબારી યાદીમાં જણાવવામાં આવેલ છે.

આખા ભારતમાં બે પૈકીના એક સેન્ટર એવા અમરેલીના આ સેન્ટરમાં સર્વપ્રથમ એમ્બ્રિયો ટેકનોલોજી થકી ગીરગાયની પ્રથમ વાછરડી પરીનો આજે વાઘ બારસના શુકનવંતા દિવસે જન્મ થયો છે અને તે પણ ડોક્ટર અર્પણ જાનીના નેત્ર ચિકિત્સા ટ્રસ્ટની ગૌશાળામાં જન્મ થયો હતો.

શ્વેત ક્રાંતિ સર્જનાર અમર ડેરી નવા ક્રાંતિકારી કદમ ભરી રહી છે અહીં ભારત સરકારના ડેરી પશુપાલન વિભાગના કેબિનેટ મંત્રીશ્રી પરસોતમ રૂપાલા તથા દેશના દિગ્ગજ સહકારી આગેવાન અને અમર ડેરીના સ્થાપક ચેરમેન શ્રી દિલીપ સંઘાણી ના માર્ગદર્શનમાં અને ડેરીના ચેરમેન શ્રી અશ્વિન સાવલિયા ની દેખરેખ માં અમર ડેરીમાં સ્થાપવામાં આવેલા સેન્ટર ઓફ એક્સલન્સ માં નવ મહિના પહેલા ગીરગાયના બીજનું દેશી ગાયમાં રોપણ કરવામાં આવ્યું હતું અને આજે પાંચ ડોક્ટરોની જહેમત પછી ક્લોનીંગ થકી જન્મેલ ગીરપરીને એક તબક્કે ઓક્સિજન આપી સારવાર કરાઈ હતી પણ ગણતરીના કલાકોમાં તે તંદુરસ્ત થઈ ગઈ છે અને અમરેલીના પ્લાન્ટને જબરદસ્ત સિદ્ધિ મળી છે

ભારત સરકારના કેબિનેટ મંત્રી શ્રી પરસોતમ રૂપાલાએ પ્રથમ પ્રયોગ માટે પસંદ કરાયેલ ગીર ગાય રાધા અને દેશી ગાય સરસ્વતી ની મુલાકાત લઈ અને તેમની સ્થિતિ જાણી હતી. ગીર ગાય રાધા ના અંડબીજ અને ભાવનગરના પ્રદીપસિંહજીના રેનાશો બુલનાં સેકસસીમેન સાથે લેબમાં એમ્બ્રિયો બનાવી દેશી નસલની ગાય સરસ્વતીના ગર્ભમાં ટ્રાન્સપ્લાન્ટ કરવામાં આવ્યું હતું.

આ પ્રયોગ બાદ ડોક્ટર અર્પણ જાની જણાવે છે કે બરાબર નવ મહિના અને પાંચ દિવસે સૌપ્રથમ વાછરડી ને જન્મ અપાવવાની વિધિ શરૂ થઈ હતી આ નવજાત વાછરડીને હાઈપોક્સિયા ની તકલીફ જણાતા તેના માટે ઓક્સિજનની વ્યવસ્થા કરી હતી અને ઓક્સિજનના સપોર્ટ થી પાંચ તબીબોએ તેની સારવાર કરી અને સાંજે આ નવજાત વાછરડી સંપૂર્ણ સ્વસ્થ થતા ડોક્ટર સામત ધ્રાંગુ સહિતનાં ડોક્ટરોએ નિરાંતનો શ્વાસ લીધો હતો, ડોક્ટર અર્પણ જાનીએ માતા રાધા અને સરોગેટ મધર સરસ્વતી ની આ સર્વપ્રથમ ક્લોનીંગ ટેકનોલોજીથી જન્મેલી વાછરડી નું નામ ગીરપરી રાખ્યું છે.

અહીં એ વાતનો ઉલ્લેખ જરૂરી છે કે અમર ડેરીમાં આ એવા સેન્ટર નો પ્રારંભ થયો છે કે તમે તમારા કોઈપણ દુધાળા ઢોરને લઈને જાવ કે મારે આવું અને આટલા જ લિટર દૂધ કરતું ઢોર જોઈએ છે. અને તે નકશિખ દેખાવમાં આવું જ હોવું જોઈએ તો અહીંયા શક્ય છે આજ પદ્ધતિથી સર્વ પ્રથમ વાછરડી ગીરગાય એવી ગીરપરી નો જન્મ થયો છે અને દૂધ કરતાં પશુઓમાં એક ક્રાંતિકારી શરૂઆત અમરેલીની અમર ડેરીમાં સફળતાથી થઈ છે અમર ડેરીના ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલીયા તથા મોભીઓ શ્રી દિલીપ સંઘાણી અને ભારત સરકારના કેબિનેટ મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલા ઉપર અભિનંદનનો વરસાદ થઈ રહ્યો છે.

### અમર ડેરીનાં અત્યાધુનિક દુધ પ્રોસેસીંગ સહિત વિવિધ પ્લાન્ટની મુલાકાત લઈ

# અમરેલીમાં એક્સેલન્સ સેન્ટર દ્વારા આઇવીએફ પ્રોજેક્ટ વિશે વિગતો મેળવતા મંત્રીશ્રી રાઘવજી પટેલ

## નાયબ દંડક કૌશિકભાઇ વેકરીયા, સાંસદ નારણભાઇ કાછડીયા, રાજેશભાઇ કાબરીયા, ભરતભાઇ સુતરીયાની ઉપસ્થિતિ



અમરેલી,

તા.૦૯.૧૧.૨૦૨૩ ના રોજ અમર ડેરીનાં અત્યાધુનિક દૂધપ્રોસેસીંગ પ્લાન્ટ અને વિવિધ ચાલતા નવા પ્રોજેક્ટની મુલાકાત લેતા ગુજરાત સરકાર નાં કૃષિ અને પશુપાલન મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, વિધાનસભા નાં નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા, જિલ્લા ભાજપ પ્રમુખ શ્રી રાજેશભાઈ કાબરીયા, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયા, શ્રી પ્રવીણભાઈ માંગરોળીયા, તાલુકા ભાજપ પ્રમુખ શ્રી ઘનશ્યામભાઈ ત્રાપસિયા અને દૂધ સંઘ નાં ડિરેક્ટરશ્રી ચંદુભાઈ રામાણી, રામજીભાઈ કાપડીયા, કમલેશભાઈ સંઘાણી વગેરે મહાનુભાવો તથા સંઘનાં જનરલ મેનેજર અને સ્ટાફગણ ઉપસ્થિત રહ્યા હતા.. આ તકે સંઘના ચેરમેનશ્રી અશ્વીન સાવલીયાએ સંઘમાં કાર્યરત સેન્ટ્રલ ઓફ એકસલન્સ ઈ.ટી.આઈ.વી.એફ. પ્રોજેક્ટ વિશે વિસ્તારથી માહિતગાર કરેલ કે આ પ્રોજેક્ટ્થી આવનાર દીવસોમાં ગીર ગાયની ઉતમનસ્લની વાછરડીઓ ટુંક સમયમાં જન્મ લેશે વધુમાં સંઘ ખાતે ખેડૂત પશુપાલકો માટે મૂલ્યવર્ધક નવા એગ્રો અને ફુડ પ્રોસેસિંગ પ્લાન્ટ, નાઈટ્રોજન સ્ટોરેજ પ્લાન્ટ અને ગ્રેઈન સાયલો સ્થાપવા અંગે ચર્ચા કરવામાં આવેલ હતી જે અમર ડેરીની અખબારી યાદીમાં જણાવેલ છે.

### કેન્દ્રીય મત્સ્યોદ્યોગ, પશુપાલન અને ડેરી વિભાગનાં મંત્રીશ્રી પરશોતમ રૂપાલાનો પ્રવાસ કાર્યક્રમ જાહેર

# તહેવારોમાં કેન્દ્રિય મંત્રીશ્રી રૂપાલા બે દિવસ અમરેલીમાં

## શ્રી પરશોતમભાઇ રૂપાલા હૈદરાબાદથી ગાંધીનગર, અમદાવાદથી ઇશ્વરીયા ત્રણ રાત્રીનાં રોકાણ બાદ દિલ્હી જવા રવાના થશે



અમરેલી,

કેન્દ્રીય મત્સ્ય, પશુપાલન અને ડેરીવિભાગનાં મંત્રીશ્રી પરશોતમભાઈ રૂપાલા દિવાળી, નુતન વર્ષ, ભાઈબીજનાં તહેવારો પોતાના વતન ઈશ્વરીયામાં રહી ઉજવનાર છે. નિયત થયેલા કાર્યક્રમ મુજબ તા.૯ ગુરૂવારે હૈદરાબાદથી અમદાવાદ અને ત્યાંથી ગાંધીનગર રાત્રી રોકાણ કરી તા.૧૦ શુક્રવારે અમદાવાદથી અમરેલી આવશે અને ઈશ્વરીયા નિવાસ સ્થાને રાત્રી રોકાણ કરશે. તા.૧૧ શનિવારે મુલાકાતીઓ માટે અનામત રાખેલ છે.

તા.૧૨ રવિવારે પણ મુલાકાતીઓ માટે ઈશ્વરીયા ખાતે ઉપસ્થિત રહેશે. તહેવારો બાદ અનુકુળતાએ દિલ્હી જવા રવાના થશે તેમ સુત્રો દ્વારા જણાવાયું છે.

# ધારી શહેરમાં સમી સાંજે જોરદાર માવઠું : ૨૦ મીનીટમાં અડધો ઈંચ

## માર્ગો ઉપરથી પાણી વહી ગયા : અચાનક વરસાદથી દોડધામ



ધારી ઉદય ચોલેરા ધારી શહેરમાં આજે સાંજે સાડા પાંચ વાગ્યાના અરસામાં અચાનક ધોધમાર વરસાદ તૂટી પડ્યો હતો હાલમાં શરૂ થયેલી ગુલાબી ઠંડી વચ્ચે અચાનક વરસાદ ખમકતા ઘડીભર માટે દોડધામ થઈ હતી અને જનજીવન તરફ થઈ ગયું હતું સતત ૨૦ થી ૨૫ મિનિટ સુધી લગભગ અડધા ઈંચ જેટલું પાણી પડી ગયું હતું.

# રાજુલા શહેરમાં શ્વાનનો આંતક

## શહેરના સોસાયટી વિસ્તારોમાં શ્વાને અનેક લોકોને હડફેટે લીધા



રાજુલા શહેરમાં આખલાના આંતક બાદ ફરી એકવાર કૂતરા નો આંતક આજે જોવા મળ્યો જેમાં રાજુલા શહેરની સવિતા નગર સોસાયટી તેમજ કૃષ્ણનગર સોસાયટીમાં કુલ આઠ વ્યક્તિઓને આ કુતરાએ બચકા ભર્યા હોવાનું જાણવા મળે છે આ તમામ આઠે આઠ વ્યક્તિઓએ રાજુલા સરકારી હોસ્પિટલમાં સારવાર લીધી હોવાનું જાણવા મળે છે અત્રે ઉલ્લેખનીય બાબતે છે કે આ કૂતરાનો આંતક જોતા આ કૂતરો હડકાયું છે કે સાદુ કૂતરું તે હજુ સુધી જાણવા મળ્યું નથી ત્યારે તંત્ર દ્વારા આ કૂતરાને વહેલી તકે કબજે કરવામાં આવે તેવું આ વિસ્તારના રહીશો ની માગણી ઉઠવા પામેલ છે. એક તરફ દિવાળીનો માહોલ બીજી તરફ દિવાળીનો ટ્રાફિક ત્યારે આ ઘટના બનતા આ વિસ્તારના રહિશોમાં ભયનું વાતાવરણ જોવા મળેલ છે.

### નામ બદલાવેલ છે

આથી હું દેવાણી બળવંતભાઇ રવજીભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ દેવાણી બળવંતરાય રવજીભાઇ માંથી બદલાવીને દેવાણી બળવંતભાઇ રવજીભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું દેવાણી બળવંતભાઇ રવજીભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : દેવાણી બળવંતભાઇ રવજીભાઇ
એડ્રેસ : વાવ પાસે, ભાદાણી શેરી, ગામ : સલડી, તા.લીલીયા, જી.અમરેલી - ૩૬૫૫૩૫

### નામ બદલાવેલ છે

આથી હું દેવાણી રાજેશભાઇ બળવંતભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ દેવાણી રાજેશકુમાર બળવંતરાય માંથી બદલાવીને દેવાણી રાજેશભાઇ બળવંતભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું દેવાણી રાજેશભાઇ બળવંતભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : દેવાણી રાજેશભાઇ બળવંતભાઇ
એડ્રેસ : ભાદાણી શેરી, વાવ પાસે, ગામ : સલડી, તા.લીલીયા, જી.અમરેલી - ૩૬૫૫૩૫

### નામ બદલાવેલ છે

આથી હું દેવાણી ત્રિવેણીબેન બળવંતભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ દેવાણી ત્રિવેણિબેન બળવંતરાઇ માંથી બદલાવીને દેવાણી ત્રિવેણીબેન બળવંતભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું દેવાણી ત્રિવેણીબેન બળવંતભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : દેવાણી ત્રિવેણીબેન બળવંતભાઇ
એડ્રેસ : ભાદાણી શેરી, ગામ : સલડી, તા.લીલીયા, જી.અમરેલી - ૩૬૫૫૩૫

### નામ બદલાવેલ છે

આથી હું દેવાણી પારૂલબેન રાજેશભાઇ જાહેર કરૂ છુ કે મે મારૂ નામ દેવાણી પારૂલ રાજેશકુમાર માંથી બદલાવીને દેવાણી પારૂલબેન રાજેશભાઇ (નવુ) કરેલ છે. અને હવે પછીથી હું દેવાણી પારૂલબેન રાજેશભાઇ (નવુ) તરીકે ઓળખાઇશ.

સહી : દેવાણી પારૂલબેન રાજેશભાઇ
એડ્રેસ : ગામ : સલડી, તા.લીલીયા, જી.અમરેલી - ૩૬૫૫૩૫













**ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ**
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ
સંપર્ક : **પાર્થ ઇન્વેસ્ટમેન્ટ**
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦



આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
- LED હેડલાઇટ
- ટેલલાઇટ
- ડિજીટલ મીટર
- બ્લુટુથ કનેક્ટીવીટી
- અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
- ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
- સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
- માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ

**યામાહા શોરૂમ**
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪



सत्यमेवजयते
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર



તા.૧૦-૧૧-૨૦૨૩ શુક્રવાર



અમરેલી શહેરમાં નંબર વન...
- પ્રિમીયમ ક્વોલિટી ડ્રાયફ્રુટ
- અવનવા ફ્રેશ ફ્રુટ
- ઇમ્પોર્ટેડ ચોકલેટ
- દિવાળી ગીફ્ટ બોક્ષ

ડ્રાયફ્રુટ બોક્ષ
ચોકલેટ બોક્ષ
૩૦ થી વધુ વેરાયટીમાં
**Frutilla**
The Fruit Farm
સંતશ્રી હરિરામબાપા ફ્રુટ માર્કેટ, જુના માર્કેટયાર્ડ, અમરેલી



BAJAJ FINSERV
**આશાપુરા ફર્નીચર**
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩/ ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
તહેવારો નિમિતે કેશની ખરીદી ઉપર ૫% થી ૨૫% સુધીનું ડિસ્કાઉન્ટ


## નગરપાલીકા દ્વારા સરકારની ગ્રાન્ટમાંથી અધતન મકાન તૈયાર થઇ જતા

# બગસરામાં પાલિકાના નવા બિલ્ડીંગનુ લોકાર્પણ કરાયું

**નગરપાલીકા દ્વારા નવા બીલ્ડીંગના લોકાર્પણ સમારોહમાં કૃષીમંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ, નાયબ મુખ્ય દંડક શ્રી કૌશીકભાઈ વેકરીયા, સાંસદશ્રી કાછડીયા અને રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતી**

**નવા બિલ્ડીંગનાં લોકાર્પણ સમારોહમાં ઉપસ્થિત રહેલા રાજકીય આગેવાનોએ બગસરાના જાદુગર કેલાલ કુતુબ આઝાદ શ્રી ઝવેરચંદ મેઘાણીજીને યાદ કર્યા**



બગસરા, (રૂપેશ રૂપારેલીયા)

સરકારશ્રીની ગ્રાન્ટ માથી બનાવેલ બગસરા પાલિકાના નવા બિલ્ડીંગનું લોકાર્પણ કાર્યક્રમ આજરોજ રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતમાં કરવામાં આવેલ હતું જેમાં અધ્યક્ષ સ્થાને ગુજરાત રાજ્યના કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ ઉદઘાટક ઉપદંડક કૌશિકભાઈ વેકરિયા અમરેલી જિલ્લાના સાંસદ શ્રીનારણભાઈ કાછડીયા લોકાર્પણ કરતાં અમરેલી જિલ્લા પ્રભારી ભરતભાઈ બોંઘરા બગસરા ધારી વિસ્તારના ધારાસભ્ય જે.વી કાકડિયા તેમજ વિશેષ ઉપસ્થિતી અમરેલી અવધ ટાઈમ્સના તંત્રીશ્રી ભરતભાઈ ચૌહાણ ભરતભાઈ કાનાબાર હિરેનભાઈ હીરપરા સહિતના રાજકીય આગેવાનોની ઉપસ્થિત મા લોકાર્પણ કરવામાં આવેલ હતું આ કાર્યક્રમમાં પ્રાશનગીક પ્રવચન ભરતભાઈ કાનાબાર હિરેનભાઈ હિરપરા ભરતભાઈ બોઘરાએ આપેલ હતું અને આ કાર્યક્રમમાં દિવંગત પ્રમુખના પરિવારજનોનુ સન્માન કરવામાં આવેલ અને સાથોસાથ કે.લાલ કુતુબ આઝાદ અને શ્રી ઝવેરચંદભાઈ મેઘાણીજીને યાદ કરવામાં આવેલા સાથોસાથ પાલિકાના પૂર્વપ્રમુખોનું પણ સન્માન કરવામાં આવેલ હતું

આ કાર્યક્રમમાં સદસ્ય મેહુલભાઈ ધોરાજીયા તેમજ અતિથિ વિશેષ મહેમાન ધીરૂભાઈ કોટડીયા પ્રમુખ બગસરા શહેર ભાજપ પ્રદીપ ભાખર પ્રમુખ બગસરા તાલુકા ભાજપ ઈલાબેન માયાણી સદસ્ય અમરેલી જિલ્લા પંચાયત બગસરા પાલિકાના પૂર્વ પ્રમુખ અને બગસરા નાગરિક શરાફી સહ.મંડળીના ચેરમેન રશ્વિનભાઈ ડોડીયા ડો. આનંદભાઈ કામળીયા અનિલભાઈ વેકરીયા ચેરમેન સૌરાષ્ટ્ર શરાફી સહકારી મંડળી કે.ડી. નળીયાધરા ચેરમેન સરદાર શરાફી સહકારી મંડળી કનુભાઈ પટોળીયા ચેરમેન બગસરા નાગરિક બેંક મનોજભાઈ મહીડા ચેરમેન સ્વસ્તિક શરાફી સહકારી મંડળી રંજનબેન ગોહેલ અમરેલી જિલ્લા ભાજપ મહિલા મોરચા પ્રમુખ પ્રકાશભાઈ રાણીંગા પ્રમુખ ચેમ્બર ઓફ કોમર્સ ભાવેશભાઈ મસરાણી પ્રમુખ વેપારી મહામંડળ દિનેશભાઈ હડિયલ પ્રમુખ કરિયાણા એસોસિએશન વિઠ્ઠલભાઈ હિરાણી પ્રમુખ વિવિથ જૂથ સહકારી મંડળી બગસરા સી.એચ.સી. ડો. પ્રકાશભાઈ સાવલિયા સહિત નગર નાં આત્મજન પાલિકા પૂર્વ પ્રમુખ શ્રિઓ રશ્વીનભાઈ ડોડીયા મનીષભાઈ કામળિયા છગનભાઈ હિરાણી છગનભાઈ હરખાણી નાગભાઈ ધાધલ ધીરૂભાઈ બોરીચા એ.વી. રીબડીયા ઈન્દ્રકુમાર ખીમસુરિયા શ્રીમતી કુસુમબેન ડોડીયા શ્રીમતી મંજુલાબેન મેર શ્રીમતી સોનલબેન પરમાર શ્રીમતી રસીલાબેન પાથર સહિતના રાજકીય આગેવાનો તેમજ સહકાર ક્ષેત્ર તેમજ સામાજિક સંસ્થાના આગેવાનો આ લોકાર્પણમાં હાજર રહ્યા હતા

### આને કહેવાય ડો. કાનાબાર પ્રત્યે વિશ્વાસ અને શ્રી ગોવિંદભગતની ખાનદાની

# અમરેલીની ફોરવર્ડ શાળા મરણપથારીએ હોવાની વ્યથા વ્યકત કરતા ડૉ. કાનાબાર : શાળાને બેઠી કરવા માટે શ્રી ગોવિંદ ભગતની તૈયારી

**ડૉ. કાનાબાર કહે તે માન્ય : જે ખર્ચ થાય તેના પાંચ ટકા રકમ શ્રી ગોવિંદભાઇ ધોળકીયા દ્વારા આપવાની જાહેરાત**

અમરેલી, (ડેસ્ક રિપોર્ટર)

અમરેલીના વરિષ્ઠ અગ્રણી ડો ભરત કાનાબારે ટવીટ દ્વારા અમરેલીની એક સમયની જાહેજલાલીવાળા પ્રતિષ્ઠીત ફોરવર્ડ સ્કુલની હાલત માટે દુઃખ અને વ્યથા વ્યકત કરી છે. આ શાળામાં અનેક નામાંકીત આગેવાનો ભણી ચુકયા છે.ડૉ. કાનાબારે જણાવેલ છે કે, જે સ્કૂલમાં ૧ થી ૧૧ સુધીના દરેક ધોરણના પાંચ પાંચ વર્ગો રહેતા (દરેક વર્ગમાં સરેરાશ ૬૦ વિદ્યાર્થી) એ ફોરવર્ડ સ્કૂલમાં આજે ધો. ૧૧ અને ૧૨ ના એક એક વર્ગ અને બંને વર્ગમાં મળી કુલ ૮૨ વિદ્યાર્થી છે !! કેવી હતી આ સ્કૂલની જાહોજલાલી ! સ્કૂલના પૂર્વ વિદ્યાર્થી તરીકે, યુનિવર્સીટી જેવડું કેમ્પસ ધરાવતી ફોરવર્ડ સ્કૂલની આવી કરુણાજનક હાલત જોઈ જીવ બળે છે !! આ સ્કૂલે અનેક ડોક્ટર, વકીલ, એન્જિનિયર, ચાર્ટડ એકાઉન્ટન્ટ, શિક્ષકો અને કલાકારોની સમાજને ભેટ આપી છે. આ બધા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ જો નક્કી કરી લે તો આવી બીજી દસ ફોરવર્ડ સ્કૂલને સજીવન કરી શકે. માતૃ સંસ્થાનું અને અનન્ય નિષ્ઠાથી આપણું ઘડતર કરનાર આપણા શિક્ષકોનું ઋણ ચૂકવવાનો સમય છે. ચાલો, સાથે મળી અમરેલીની એક ઉજ્જવળ શૈક્ષણિક પરંપરાની જ્યોતને જલતી રાખીએ. ડૉ. કાનાબારની આ અપીલની વાત વાયુવેગે સુરતના શ્રી રામકૃષ્ણ ડાયમંડ એક્સપોર્ટના સ્થાપક / ચેરમેન તથા સમાજ સેવાની અનેક પ્રવૃતિઓ સાથે જોડાયેલા શ્રી ગોવિંદભાઇ ધોળકિયા સુધી પહોંચી ગઈ અને એક ક્ષણનો પણ વિલંબ કર્યા વગર એમણે સંદેશો મોકલ્યો હતો કે, આ વાત સાંભળી મારું દિલ દ્રવી ઉઠ્યું છે.. ભલે હું ભણ્યો નથી પણ અમરેલી વતનનું ઋણ તો અદા કરવું જ પડશે. માટે નમ્ર અપીલ છે કે, આ શાળાનાં વિકાસ માટે કુલ ફંડ નાં ૫% મારા તરફથી યોગદાન આપીશ...જો ૨૦ કરોડનો પ્રોજેકટ હશે તો ૧ કરોડ યોગદાન મારું રહેશે... મારે કોઇ હિસાબ નથી જોઇતો ડૉ. કાનાબાર કહે ત્યા અમારુ પાંચ ટકા યોગદાન હશે.


**સ્વરા** સ્કીન/હેર/લેસર કલીનીક
Swara Skin/Hair/Laser Clinic
Dr. Chirag Vamja
M.D. (Skin & VD)
ઉપલબ્ધ સુવિધાઓ
- હેર ટ્રાન્સપ્લાન્ટ
- લેસર હેર રીમુવલ
- એન્સ ટ્રીટમેન્ટ
- વીટીલીગો ટ્રીટમેન્ટ
- વોર્ટસ એન્ડ સ્કીન ટેગ રીમુવલ
- હેરફોલ ટ્રીટમેન્ટ
- કેમીકલ પીલ
- હાઇડ્રા ફેસીઅલ
- પીઆરપી ટ્રીટમેન્ટ

C/o કલરવ હોસ્પિટલ, કેરીયા રોડ, રેલ્વે ફાટક પાસે, ઇનકમટેક્ષ ઓફીસ પાસે, અમરેલી - ૩૬૫૬૦૧.
મો. ૯૨૬૫૧ ૦૭૬૯૮



**એશીયન પેઇન્ટસનાં ઓથો ડિલર**
**કૈલાશ હાર્ડવેર માર્ટ**
રોયલ - એશીયન પેઇન્ટ્સ
રોયલ - ગ્લીઝ - ઓલપ્રોટેક
ટ્રેક્ટર ઇમલ્શન - અલ્ટીમા
એપેક્ષ યશ - ઓઇલ પેઇન્ટ
તેમજ ડયુકો કલરના વેપારી
સિલ્વર પેલેસ કોમ્પલેક્ષ, દુકાન નં.૨, સ્ટેશન રોડ, અમરેલી
મો. ૯૪૨૬૯ ૬૫૦૫૭



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ..
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
**આનંદ કલોથ સ્ટોર**
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪



સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
**ડૉ. દેવાંગ બી. પંડયા**
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
**Align દાંતની હોસ્પિટલ**
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જ્વેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે



... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
**સોનપાલ ઓટો એડવાઈઝર્સ**
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ: ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC: પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫



LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH MITSUBISHI MILCENT ANANDI vivo oppo
**શિવ ઇલેક્ટ્રોનિક્સ**
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી.
મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨



અમરેલીનો વેપારથી ધમધમતો વિસ્તાર નવા એસ.ટી. ડેપોની સામે
**૧ દુકાનના ભાવમાં ૪ દુકાન**
31X10=310=31X10=310=620 ચોરસ ફુટ
બન્ને બાજુ હલાણ, આગળ-પાછળ શટર, કુલ ૪ શટરવાળી દુકાન
ફકત ૫૫ લાખમાં ફુકી મારવાની છે.
દસ્તાવેજ-પ્રોપર્ટીકાર્ડ-૧૦૦% લોનેબલવાળી મિલ્કત વેચવાની છે.
ઓફિસ સંભાળી શકે તેવા લેડીસની જરૂર છે
વહેલા તે પહેલા... એસ.ટી.ડેપો ચાલુ થાય તે પહેલા લાભ ઉઠાવો...
**સાંઈ સદગુરૂ એસ્ટેટ બ્રોકર** પ્રભુદાસ તલાટી ૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઇટ હાઉસ, એસ.ટી.ડેપો સામે, અમરેલી. સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮



શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
**ગુલમહોર ફંક્શન હોલ**
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક' લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ' ખાતે
● લગ્ન માટે સંગીત-સંધ્યા ● ચાંદલાવીધી ● રીસેપ્શન ● બર્થ-ડે-પાર્ટી ● શ્રીમંતવીધી ● ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ ● માતાજીના ભજન ● ડાયરો મુંડન-સંસ્કાર ● નાટક ● સ્કુલ એન્યુઅલ ફંકશન ● કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ ● એવોર્ડ ફંકશન ● બેસણું ● પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૩૦૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩



Hero
આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle — કેશ બોનસ ₹2100
Super Splendor Xtec — કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) — કેશ બોનસ ₹2100
Xoom & Pleasure — એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

SINCE 2009
કોમ્પ્યુટર કોર્ષ
એટલે
પટેલ કોમ્પ્યુટર્સ
સીટીમોલ, રાજકમલ ચોક, અમરેલી મો.૯૯૦૯૯ ૨૦૧૫૨

પટેલ બેકરી & કેક શોપ
બેકરીની તમામ આઇટમ
રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો પાંઉ - નાની મોટી
સાઇઝમાં બ્રેડ - જીરા ખાટી - મેથી ખારી
રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા સુરતી
પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
તમામ આઇટમ અમારે ત્યાં
દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : બટારવાડી, અમરેલી મો.૯૦૩૩૩ ૩૮૫૩૩

સત્યમેવજયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૧૦-૧૧-૨૦૨૩ શુક્રવાર

અમરેલી તથા સુરત
ચકાભાઇ
ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા
સેન્ડબીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૪ની આકર્ષક નવી ડીઝાઈનમાં
બોક્ષ ▪ સેમી બોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

## શ્રી રામબાપુ રસોઇઘર મોટા માંડવડા દ્વારા આયોજન : મુખ્ય મંત્રીશ્રી ભુપેન્દ્રભાઇ પટેલ, શ્રી સીઆર પાટીલ સહિતનાં આગેવાનોને નોતરા પાઠવાયાં

# મોટા માંડવડામાં શ્રીમદ્ ભાગવદ જ્ઞાનયજ્ઞ યોજાશે

### તા. ૧૪નાં રોજ પોથીયાત્રા સાથે ભાગવદ કથાનો પ્રારંભ કરાશે : ૨૦મીએ સોમવારે પુર્ણાહુતિ : કથા દરમિયાન ધાર્મિક પ્રસંગોની ઉજવણી કરવા આયોજન કરાયું

અમરેલી, સમસ્ત મોટા માંડવડા ગામ પરિવારમાં માતૃ-પિતૃનાં સ્મૃતિ તથા મોક્ષાર્થે મોટા માંડવડામાં શ્રીમદ ભાગવદ જ્ઞાનયજ્ઞ યોજાશે. કથાકાર પુજ્ય ભાઈશ્રી યજ્ઞેશભાઈ ઓઝાનાં વ્યાસાસને ભાગવદ કથા તા.૧૪-૧૧-૨૩ મંગળવારે ભવ્ય પોથીયાત્રા સાથે પ્રારંભ થશે. દરરોજ બપોરે ૩ થી ૬ સુધી કથાની તા.૨૦-૧૧-૨૩ સોમવારે પુર્ણાહુતિ કરાશે. કથાનાં મુખ્ય યજમાન તરીકે ઘનશ્યામભાઈ ચતુરભાઈ બોરડ નંદીસ ગૃપ વડોદરા અને નરેશભાઈ બાબુભાઈ ઘાડીયા અશ્વિન ગૃપ અમદાવાદ ખાસ ઉપસ્થિતિ રહેશે. કાર્યક્રમ અંગે રાજ્યનાં મુખ્ય મંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ તથા પ્રદેશ ભાજપ પ્રમુખ સીઆર પાટીલને પણ આમંત્રણ અપાયા છે. રામબાપુ રસોઈઘર મોટા માંડવડા દ્વારા યોજીત ભાગવદ કથાનો ધાર્મિક પ્રસંગોની ઉજવણી થનાર છે.

તા.૧૪નાં પોથીયાત્રા, તા.૧૫નાં કપીલપ્રાગટ્ય, તા.૧૬નાં નૃહસિંહ વામનપ્રાગટ્ય, તા.૧૭નાં શ્રીરામજન્મોત્સવ અને કૃષ્ણજન્મોત્સવ, તા.૧૮નાં ગોવર્ધન લીલા, તા.૧૯નાં રૂક્ષમણી વિવાહ અને ૨૦મીએ કથા વિરામ થશે.

મુખ્ય યજમાનો સાથે સહયજમાન સ્વ.દુધીબા રાઘવભાઈ બોરડ યજમાન પરિવાર, સ્વ. દેવરાજભાઈ ડાયાભાઈ માલવીયા પરિવાર, સ્વ.પરશોતમભાઈ ગોવિંદભાઈ પોકળની સાથે શ્રી દુર્લભભાઈ નનુભાઈ બોરડ યુએસએ, સ્વ.રવજીભાઈ જીવરાજભાઈ બોરડ, શ્રી મનોજભાઈ ચતુરભાઈ બોરડ, સ્વ.લાભુબેન પ્રભાશંકરભાઈ પંડ્યા, પર્યાપ્ત સોલાર એનર્જી પ્રા.લી. સહિત યજમાનો જોડાશે. આ પ્રસંગમાં તા.૧૯નાં બગસરા ગૃપ દ્વારા સવારે ૯ થી ૧૨ સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે. તથા રક્તદાન કેમ્પમાં શ્રી શાંતાબેન મેડીકલ કોલેજ સેવા આપશે. તથા તા.૧૭નાં સુરતનાં મોટીવેશનલ સ્પીકર શ્રી મનીષ વઘાસીયાનો વડીલ વંદનાં કાર્યક્રમ યોજાશે અને રોજેરોજ ડાયરા જેવા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ યોજાશે જેમાં તા.૧૪નાં સાંજે શ્રી હિતેષ અંટાળા, તા.૧૫નાં શ્રી મનસુખભાઈ વસોયા, અનિલ બોરડ અને સેજલ ગોંડલીયા તથા તા.૧૬નાં વિશાલ દુધાત સાથે યોગરાજ પટેલ અને પિનલ પટેલ, તા.૧૭નાં વિમલ મહેતા ગૃપનાં કલાકારો દ્વારા ભવ્ય રાસગરબા, તા.૧૮નાં સાંઈરામ દવે અને વિમલ મહેતા, તા.૧૯નાં ઘનશ્યામ લાખાણીનાં કાર્યક્રમનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમમાં પુજ્ય વિજયબાપુ સતાધાર, પુજ્ય મનજીદાદા બગદાણા, પુજ્ય જેરામબાપુ બગસરા, પુજ્ય રતિદાદા ચલાલા, ૧૦૮ શ્રી દ્વારકેશલાલજી મહારાજ, શ્રી એસપી સ્વામિ ગઢડા, મહંતશ્રી ઘુસાભગત બગસરા, મહંતશ્રી રઘુરામબાપુ ઢસા તથા કેન્દ્રીય મંત્રી પરશોતમભાઈ રૂપાલા, કૌશિકભાઈ વેકરીયા,

### શ્રી પરશોતમ રૂપાલા, શ્રી દિલીપ સંઘાણી તથા ધારાસભ્યશ્રીઓ સાથે ઠક્કરબાપા નગરનાં ધારાસભ્ય શ્રીમતી કંચનબેન વિનુભાઇ રાદડીયા પણ ઉપસ્થિત રહેશે




પ્રફુલભાઈ પાનસેરીયા, જે.વી.કાકડીયા, જનકભાઈ તળાવીયા, મહેશભાઈ કસવાલા, નિલેશભાઈ ધુલેસીયા, વિરજીભાઈ ઠુંમર, દિલીપભાઈ સંઘાણી, નારણભાઈ કાછડીયા, બાબુભાઈ જમનાદાસભાઈ ધારાસભ્ય, જનકભાઈ બગદાણાવાળા, પરેશભાઈ ધાનાણી, જયેશભાઈ રાદડીયા, બાવકુભાઈ ઉંઘાડ, મધુભાઈ કથીરીયા તથા ઠક્કરબાપા નગરનાં ધારાસભ્ય શ્રીમતી કંચનબેન વિનુભાઈ રાદડીયા પણ ખાસ ઉપસ્થિત રહેશે. તેમ રામબાપુ રસોઈઘર વતી આયોજકોએ જણાવ્યું છે.

### નવનિર્મિત સુવિધાઓ વિશે જાણકારી મેળવી

# કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલ શાંતાબા ગજેરા હોસ્પિટલની મુલાકાતે

### નવનિર્મિત ભવનમાં અદ્યતન આઇ.સી.યુ, વિવિધ વિભાગના ઓપરેશન થિયેટર સહિતની સુવિધાઓ વિષે માહિતી મેળવતા કૃષિ મંત્રીશ્રી



અમરેલી તા.૦૯ નવેમ્બર, ૨૦૨૩ (ગુરુવાર) અમરેલી જિલ્લાની મુલાકાતે

પધારેલા કૃષિ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલે ગુરુવારે અમરેલી સ્થિત શાંતાબા મેડિકલ કોલેજ અને સિવિલ હોસ્પિટલ ખાતે નિર્માણ પામેલા નવા ભવનમાં તૈયાર થયેલી નવિન તબીબી સુવિધાઓની મુલાકાત કરી માહિતી મેળવી હતી. આ વેળાએ તેમણે નવ નિર્મિત આઈ.સી.યુ, વિવિધ વિભાગના ઓપરેશન થિયેટરની મુલાકાત કરી હતી. અમરેલીના નાગરિકોને પૂરતી આરોગ્યલક્ષી સુવિધાઓ મળી રહેશે તેવી લાગણી તેમણે વ્યક્ત કરી હતી. આ મુલાકાત વેળાએ સાંસદશ્રી નારણભાઈ કાછડિયા, નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયા, હોસ્પિટલના સંચાલક મંડળના ટ્રસ્ટીગણ, અધિકારીશ્રીઓ, આર.એમ.ઓ.શ્રી ડો.સતાણી, ટ્રસ્ટ વતી શ્રી ચતુરભાઈ ખૂંટ, શ્રી ભરતભાઈ ઘડુક સહિતના સંચાલક મંડળના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સગીરાનું અપહરણ કરી બળાત્કાર કરવાનાં ગુનામાં આરોપીનો નિર્દોષ છુટકારો કરાવતા સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી

### સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલોને ધ્યાને લઇ ભોગ બનનારનું અપહરણ કરનાર આરોપીને અમરેલીના સ્પે. પોક્સો કોર્ટના જજ શ્રી વાય.એ. ભાવસાર દ્વારા નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ ક્યો



અમરેલી,

આ બનાવ તા. ૧૫-૦૮-૨૦૧૭ ના રોજ આ કામના સગીર ભોગ બનનાર સાથે બનેલો અને બનાવના સમયગાળા દરમિયાન તેઓને આ કામના આરોપી નં. ૨ કનૈયાલાલ હરીલાલ હઠીનારાયણએ સગીર ભોગ બનનારનું તા. ૧૫-૦૮-૨૦૧૭ ના રોજ ફરીયાદીના કાયદેસરના વાલીપણામાંથી અપહરણ કરી અને આ કામના ફરીયાદીની સગીર વયની દિકરીને ભોળવી, લલચાવી, ફોસલાવી, બદકામ કરવાના ઈરાદે તેમની મરજી વિરૂધ્ધ જુદી જુદી જગ્યાએ લઈ ગયેલ, અને ફરીયાદીએ આ કામના આરોપીઓ વિરૂધ્ધ ફરીયાદ આપેલી અને ફરીયાદમાં તેમણે જણાવેલ કે આ કામના આરોપીઓએ ભોગ બનનારની ઈચ્છા વિરૂધ્ધ તેમનું અપહરણ કરી લઈ ગયેલા અને જુદી જુદી જગ્યાએ બળાત્કાર કરેલો, જે ગુન્હો કરવામાં બંને આરોપીઓએ એકબીજાની મદદગારી કરી ગુન્હો કરેલાની ફરીયાદ બાબરા પો.સ્ટે.માં આ કામના આરોપીઓ વિરૂધ્ધ આપતા આ બાબતનો ગુન્હો બાબરા પો.સ્ટે.માં ગુ.રજી.નં. ફર્સ્ટ ૬૯/૨૦૧૭ થીયઈ.ઈહઈ ઘણઘલ ઘણણલ ઘજ્ઞણલ ક્ષ્ક્ષ, તથા પોક્સો એકટની કલમ -,લ ટલ ક્ષ્ટ વિગેરે મુજબનો ગુન્હો નોંધાયેલો, ત્યારબાદ તપાસના અંતે આ કામના આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

આ કામે ચાર્જશીટ થયા પછી અમરેલીના સ્પે. પોક્સો કોર્ટના જજ સાહેબ શ્રી વાય.એ. ભાવસાર સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ, અને ફરીયાદ પક્ષ તરફ થી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા ઘણા મૌખીક પુરાવાઓ રજુ કરવામાં આવેલ અને તેમ છતા આ કામના ફરીયાદી પોતાનો કેસ આરોપી નં. ૨ સામે સાબીત કરવામાં નિષ્ફળ જતા આ કામના ગુન્હામાં મદદગારી કરનાર આરોપી નં. ૨ કનૈયાલાલ હરીલાલ હઠીનારાયણને નિર્દોષ છોડી મુક્વાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપી નં. ૨ કનૈયાલાલ હરીલાલ હઠીનારાયણ તર્ફે અમરેલીના સીનીયર એડવોકેટ શ્રી ઉદયન ત્રિવેદી રોકાયેલ હતા. આમ આ કામના આરોપીને એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો ને ધ્યાને લઈ નામદાર કોર્ટ દવારા નિર્દોષ ઠરાવી છોડી મુક્વાનો હુકમ કરવામાં આવેલ છે.

બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
Reg. No.E/2473/Amreli
PAN : AAETB6603J
80G No. AAETB6603JF20221
મો.૯૮૯૮૨ ૩૧૯૨૩
સિવિલ હોસ્પિટલમાં વિના મુલ્યે ગરીબ
દર્દીને ટિફીનની ફ્રી સેવા માટે સંપર્ક કરો
Bank Name : Unoin Bank
A/C. No. 258511010000007 IFS Code : UBIN0825859
બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
-:: અન્નક્ષેત્ર એડ્રેસ ::-
૭૫, ઓપેરા હાઉસ સ્ટેશન રોડ, અમરેલી.

કાર, બાઇક, ટ્રેક્ટર, સનેડો, મીની ટ્રેક્ટર, ટ્રોલી, ટ્રક, છોટા હાથી, બોલેરો, બસ વિગેરે તમામ વાહન માટેના
ટાયર - ટ્યુબ, બેટરી,
ઓઇલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ
ઘરા, જેક - ફિલ્ટર, ટુલ્સનાં
હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા
સંજય ટાયર્સ
સંજય ટ્રેડ લીંક
દુકાન નં.૧૪, ૧૫,૧૬ બ્રાહ્મણ બોર્ડીંગ, અજમેરા સ્કુલ સામે, સ્ટેશન રોડ, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો રૂમ પાસે, અમરેલી

બેકરીની તમામ આઇટમ રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો
પાંઉ - નાની મોટી સાઇઝમાં
બ્રેડ - જીરા ખાટી - મેથી
ખારી રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા
સુરતી પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
ન્યુ અમલસાદ બેકરી
તમામ આઇટમ અમારે ત્યાં દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : રઘુવીર પાનવાળી ગલી, રાજકમલ ચોક, પીટણપરા, અમરેલી
મો.૭૯૮૪૯ ૪૬૩૬૩, ૭૦૧૬૮ ૮૪૯૫૦

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI HONDA TOYOTA Ford HYUNDAI
CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, ચામાહ શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com

સ્વાદના શોખીનો માટે શહેરની મધ્યમાં નવલુ નજરાણું
ચાઇના ટાઉન
ફેમીલી રેસ્ટોરન્ટ
દરરોજ સવારે :- સ્વાદથી ભરપુર વણેલા ગાંઠીયા, સુકી ભાજી, ચીપ્સ, થેપલા
દરરોજ બપોરે :- કુશળ કારીગરોના હાથે બનાવેલ ચાઇનીઝ - પંજાબી
દરરોજ રાત્રે :- અવનવા સ્વાદ તથા સોડમથી ભરપુર ચાઇનીઝ - પંજાબી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
મો.૯૮૯૮૯ ૦૩૯૦૩ - ૯૯૭૯૭ ૬૪૪૫૨
ભીડભંજન મહાદેવ મંદિર ચોક, સમભાવ હોસ્પિટલ સામે, અમરેલી

94281 90118
દીવાળી ને લગતું તમામ
નવું કલેક્શન આવી ગયેલ છે
શર્ટ -કોટન ટ્રાઉઝર્સ -ફેન્સી ટી શર્ટ
લંબાઇ વાળા પેન્ટ મળશે
બ્રાન્ડેડ કલેક્શન
લેવા માટે પધારો.
UF
ઉમિયા ફેશન
બ્રાન્ડેડ ટ્રેક પેન્ટ મળશે.
M to 5XL અને 28 to 48 કમર
એકજ ભાવ
કાંચીરો, બ્લેક, વાઇન, હકૂયો
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી- 365601 (નાના આંકડીયા વાળા)

બગસરા નગરપાલિકા (જી-બગસરા)

-:: જાહેરાત : : -

**શહેરી વિસ્તારમાં પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ માર્ગદર્શિકા-૨૦૨૩**

આથી બગસરા શહેરી વિસ્તારમાં વસવાટ કરતા અને માલઢોર રાખતા તમામ શહેરીજનો જોગ આ જાહેરાત દવારા જાણ કરવાની કે, સરકારશ્રી દવારા જાહેર કરવામાં આવેલ પશુ ત્રાસ અટકાવ અને નિયંત્રણ માર્ગદર્શિકા-૨૦૨૩નો ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે. તેમજ જે માર્ગદર્શિકા અન્વયે નીચે મુજબ સુચના આપવામાં આવે છે. જે માર્ગદર્શિકાનું લાગતા વળગતા લોકોએ ચુસ્તપણે પાલન કરવા ખાસ સુચના આપવામાં આવે છે. સૂચનાઓનુ ઉલ્લંઘન થયેથી જે તે આસામીઓ સામે દંડનીય કાર્યવાહી પણ હાથ ધરવામાં આવશે.

૧. રખડતા પશુને કારણે નાગરીકોને ગંભીર ઈજા/નુકશાન થાય તો જી. પી. એમ. સી. એકટ – ૧૯૪૯ ની કલમો તથા જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીના જાહેરનામાં અનુસાર પશુ માલીક સામે કાર્યવાહી કરવામાં આવશે..

૨. રખડતા પશુ અંગેની તમામ જવાબદારી પશુ માલીકની રહેશે.

૩. રખડતા પશુઓને કારણે નાગરીક / રાહદારીને જાન માલનું નુકશાન થાય તો તે અંગે સીવીલ /ફોજદારી રાહે માલીક સામે પગલા લઈ તેની પાસે થી વળતર / વસુલાત/નુકશાનીના દાવા જેવી કાર્યવાહી જે તે પીડીત વ્યક્તિ કરી શકાશે.

૪. પશુ માલીકોએ પોતાના માલીકીના માલઢોરને RFID ચીપ અને ટેગ ફરજીયાત લગાડવા સૂચના આપવામાં આવે છે. સુચનાનુ ઉલ્લંઘત કરનારને રૂા. ૫૦૦/- નો દંડ કરવામાં આવશે..

૫. ગાય/ભેંસ/બળદ રોડ ઉપર રાખતા માલુમ પડશે તો પશુ માલીકને પ્રથમ વખત રૂા. ૪૦૦૦/-નો દંડ વસુલ કરવામા આવશે. ઢોર બીજી વખત પકડાય તો દોઢ ગણો દંડ અને ત્રિજી વખત પકડાય તો બે ગણો દંડ વસુલ કરવામાં આવશે.

૬. પશુ માલીકોએ જાહેર રસ્તા અવર જવરના માર્ગો અગર તો ફુટપાથ ઉપર માલઢોર બાંધી કે છૂટા મૂકી ગંદકી કરવી નહી. આ પ્રકારે ગંદકી કરનાર વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૭. કોઇપણ આસામીઓએ શહેરના મુખ્ય માર્ગો કે જાહેર વાહન વ્યવહાર અને અવર જવરમાં અડચણ અવરોધ થાય તેવી જગ્યાએ ઘાસચારાનું વેચાણ ન કરવા પણ સુચના આપવામાં આવે છે.

ચીફ ઓફિસર
બગસરા નગરપાલિકા

માહિતી/અમર/ ૬૪૯/૨૩-૨૪

Vibrant GUJARAT 2024 10-12 Jan
Gateway to the Future | 10th Global Summit
ગુજરાત સરકાર

# શ્રમિક અન્નપૂર્ણા યોજના અંતર્ગત



માનનીય મુખ્યમંત્રી
**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**ના
વરદ્હસ્તે

## ૧૫૫ નવા કેન્દ્રોનું ઉદ્‌ઘાટન

## સર્વાંગી વિકાસનું અભિયાન, પ્રત્યેક શ્રમયોગીને સન્માન

**શ્રમિક અન્નપૂર્ણા યોજના હેઠળ વ્યક્તિ દીઠ ₹ ૫/- માં બાંધકામ શ્રમિક તથા તેમના પરિવારને પૌષ્ટિક ભોજન**

**તા:** ૧૦-૧૧-૨૦૨૩ | **સમય:** સવારે ૦૮:૦૦ વાગે | **સ્થળ:** પંડિત દીનદયાલ ઉપાધ્યાય ઑડિટોરિયમ, બોડકદેવ, અમદાવાદ

### બાંધકામ શ્રમિકો માટેની યોજનાઓ

- મેડિકલ હેલ્થ યુનિટ (ધન્વંતરિ આરોગ્ય રથ)
- પ્રસૂતિ સહાય યોજના
- મુખ્યમંત્રી ભાગ્યલક્ષ્મી બોન્ડ યોજના
- શિક્ષણ સહાય યોજના
- પી.એચ.ડી. સહાય યોજના
- શ્રમિક બસેરા યોજના
- આકસ્મિક મૃત્યુ સહાય યોજના
- અંત્યેષ્ઠિ સહાય યોજના
- શ્રમિક ગો-ગ્રીન યોજના
- શ્રી નાનાજી દેશમુખ આવાસ યોજના
- હાઉસિંગ સબસિડી યોજના
- કુશળ શ્રમિક સહાય યોજના
- પીએમ જન આરોગ્ય યોજના (PM-JAY)
- પ્રધાનમંત્રી જીવન જ્યોતિ બીમા યોજના
- સંપૂર્ણ તબીબી તપાસ યોજના

- ૫૦ થી વધુ બાંધકામ શ્રમિકો ધરાવતી સાઈટ પર ભોજન વિતરણ
- અત્યાર સુધી કુલ ૧.૭ કરોડથી વધુ શ્રમિકોને ભોજનનું વિતરણ
- દૈનિક ૨૭ હજાર શ્રમિકોને ભોજનનું વિતરણ
- નવા કેન્દ્રો શરૂ થયા બાદ અંદાજિત દૈનિક ૭૫ હજારથી વધુ શ્રમિકોને ભોજન વિતરણ
- રાજ્યનાં ૧૭ જિલ્લાના ૨૭૩ કેન્દ્રો પર ભોજન વિતરણ
- ૬.૮ લાખથી વધુ શ્રમિકોની નોંધણી
- ૭૫ લાખથી વધુ OPD
- ૨.૯૬ લાખ લાભાર્થીઓને ૧૭૧ કરોડની શિક્ષણ સહાય




આ યોજનાઓનો લાભ **sanman.gujarat.gov.in** પોર્ટલ પર ઓનલાઇન જઈને લઈ શકો છો.

**શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ, ગુજરાત રાજ્ય**